

# પરિષદવૃત્ત

**સં. અનિલા દલાલ**

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ મંગળવાર : શ્રી ભક્તિપ્રસાદ મો. ત્રિવેદી (પત્રકારત્વ) વ્યાખ્યાનમાળા અંતર્ગત (વર્ષ ૨૦૦૮-૨૦૦૯) શ્રી વિષ્ણુ પંડ્યાએ 'સાહિત્ય અને પત્રકારત્વ' વિશે વ્યાખ્યાન આપ્યું. વિષ્ણુભાઈએ પરદેશમાં સાહિત્ય અને પત્રકારત્વના સંબંધો, પ્રશ્નોની વાત કરતાં કરતાં આપણે ત્યાં પણ આ બન્ને ક્ષેત્રો કેવી રીતે સંકળાયેલાં છે તેની વાત વ્યાપક સંદર્ભો સાથે કરી – પત્રકારત્વનાં આરંભનાં વર્ષોનું પણ સ્મરણ કર્યું-કરાવ્યું. વ્યાખ્યાન પછી પ્રશ્નોત્તરીમાંથી બીજા ઘણા મુદ્દાઓ અને પ્રશ્નોની છણાવટ થઈ. સાહિત્યને પત્રકારત્વ સાથે જોડતાં કયાં ભયસ્થાનો છે, તેમજ તેના વિના તે ક્ષેત્ર થોડું શુષ્ક બની જાય એ મર્યાદા પણ ઊપસી આવી – વાચકોના સંદર્ભો પણ જોડાયા. આરંભમાં શ્રી રતિલાલ બોરીસાગરે વિષ્ણુભાઈનો પરિચય આપ્યો હતો. સંચાલન અનિલા દલાલનું હતું.

(૨) રવીન્દ્રભવનના ઉપક્રમે તા. ૧-૭-૨૦૦૯, બુધવારે શ્રી સુજ્ઞા શાહનું 'રવીન્દ્રનાથનાં શિશુકાવ્યો' પર વક્તવ્ય યોજાઈ ગયું. સુજ્ઞાબહેને 'શિશુ' સંગ્રહમાંથી તેમજ 'શિશુ ભોલાનાથ' સંગ્રહમાંથી પસંદ કરેલાં કાવ્યોનાં ગુજરાતી રૂપાંતરનું પઠન કરતાં કરતાં એમાંથી રવીન્દ્રનાથે વ્યક્ત કરેલાં શિશુમાનસના સૂક્ષ્મ ભાવોને, હૃદયસ્પર્શી સંવેદનોને, વિનોદભર્યાં નિરીક્ષણોને સરસ રીતે તારવી આપ્યાં. અંતમાં અનિલા દલાલે રવીન્દ્રનાથે 'શિશુ' કાવ્યોના અંગ્રેજીમાં કરેલા અનુવાદના સંગ્રહ 'The Crescent Moon'માંથી 'On The Seashore' ('જગત્ પારાવારેર તીરે') કાવ્યનું આસ્વાદલક્ષી પઠન કર્યું હતું.

(૩) તા. ૪-૭-૨૦૦૯થી ૧૨-૭-૨૦૦૯ દરમિયાન સાહિત્યયાત્રા યોજાઈ ગઈ. ઉત્તર ગુજરાતમાં મોડાસા, હિંમતનગર, ઈડર, વિસનગર, મહેસાણા, ઊંઝા, પાલનપુર, ડીસા, પાટણ વગેરે સ્થળોએ શૈક્ષણિક-સાહિત્યિક સંસ્થાઓની અહીંથી ગયેલા યાત્રીઓએ સ્થાનિક મુલાકાત લીધી અને બન્ને સ્થળોના સાહિત્યકારોએ વિચારોનું આદાન-પ્રદાન કર્યું, તેમજ વિદ્યાર્થીઓને મળી ગુજરાતી ભાષાના ગૌરવને સ્થાપિત કર્યું. સમગ્ર કાર્યક્રમનું આયોજન- સંયોજન શ્રી રાજેન્દ્ર પટેલે કર્યું હતું.

(૪) કવિ-મનીષી ઉમાશંકર જોશીની ૨૧-૭-૨૦૦૯ના રોજ જન્મતિથિએ ઉમાશંકર સ્વાધ્યાયપીઠના ઉપક્રમે કવિ-સ્મરણ નિમિત્તે એક કાર્યક્રમ 'ઉમાશંકરના ઉંબરેથી' યોજાઈ ગયો. આરંભમાં શ્રી અનિલા દલાલે કવિ ઉમાશંકરે પ્રયોજેલી 'ગુજરાતી ગિરા'ને 'ઉમાશંકર ગિરા' તરીકે બિરદાવી. પછી શ્રી રઘુવીર ચૌધરીએ પ્રાસંગિક વક્તવ્યમાં કાવ્ય-પઠનથી શરૂઆત કરી ઉમાશંકરના શિખરિણી છંદના વિનિયોગનું સ્મરણ કરી, પછી કવિની સર્જકતાના, સમાજચિંતનના, મૂલ્યબોધ વિશેના ભિન્ન ભિન્ન પાસાંઓનું વિશ્લેષણ કર્યું. છેલ્લે શ્રી મનસુખભાઈ સલ્લાએ આભારવિધિ કરી.



કાર્યક્રમનો બીજો ભાગ હતો શ્રી પ્રવીણ પંડ્યા દિગ્દર્શિત કવિનાં નાટકોમાંથી નાટ્યપ્રસ્તુતિ, કવિનાં ગીત-કાવ્યપઠન વગેરે. બે નાટકોના અંશો કલાકારોએ તાદૃશ કરી દીધા એટલો ઉત્તમ અભિનય જોવા મળ્યો. તો પઠન અને ગાન-ગરબામાં પણ એટલી તો સહજતા અને સહૃદયતા જોવા મળી ! સૌને લાગ્યું કે 'Memories are made of all this.' શ્રી પ્રવીણભાઈને ખાસ અભિનંદન. કલાકારો હતા – રૂપા મહેતા, કિન્નરી વછરાજાની, સંભવનાથ, નિસર્ગ ત્રિવેદી, હર્ષિલ રૉય, સુપ્રિયા રાય, ખ્યાતિ દલાલ, રવિ બારોટ, અનીશ શાહ, અખ્તરખાન, જફર, ઈમરોઝ, હાર્દિક, મૌલિક. સંગીત : કમલેશ ચૌહાણ અને જિગર. પ્રકાશ : હરીશ ઉપાધ્યાય.

પ્રવક્તા તરીકે શ્રી રમેશ ર. દવેએ સેવાઓ આપી હતી.

**જયન્તિ દલાલ સ્મૃતિવિશેષ**

તા. ૨૫ ઑગસ્ટ ૨૦૦૯

જયન્તિ દલાલ સ્મૃતિ સમિતિ, ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે, જયન્તિ દલાલના શતાબ્દીવર્ષના ઉપલક્ષ્યમાં એમના જીવન અને કવનને અનુલક્ષીને સમકાલીન સંદર્ભમાં એક વિશેષ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. પરિષદ-પ્રમુખ નારાયણ દેસાઈના અધ્યક્ષપદે યોજાયેલા આ પરિસંવાદમાં સમિતિના પ્રમુખ મૃણાલિની સારાભાઈ, બુઝુર્ગ સમાજવાદી સનત મહેતા, નાટ્યકર્મી માર્કંડ ભટ્ટ અને સાહિત્યકાર રઘુવીર ચૌધરી વગેરે સંબોધન કરશે. તદ્દુપરાંત, કર્મશીલ રંગકર્મી મલ્લિકા સારાભાઈ તેમજ આકાશવાણી-ખ્યાત વસુબહેન તરફથી નાટ્યપ્રસ્તુતિ પણ થશે.

મંગળવાર, તા. ૨૫-૮-૨૦૦૯ના રોજ સાંજે ૫ વાગ્યે ગોવર્ધન ભવનના રા. વિ. પાઠક હૉલમાં આયોજિત સ્મૃતિસંધ્યામાં સહભાગી થવા સૌ સહૃદયજનોને હાર્દિક નિમંત્રણ.

r